

રમેશ ઠક્કર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**હું તો કાન લેવા આવી !**
**મુને આપોને વનમાળી !...હું તો કાન લેવા આવી**
**તાંદુલ લાવી સુદામાના**
**વિદુર કેરી ભાજી !**
**મોરપિચ્છને ભાળી**
**હું તો થઈ ગઈ રાજી રાજી !**
**કાનાને બહુ ભાવે જાણી**
**માખણ મિસરી લાવી !...હું તો કાન લેવા આવી**
**કામણગારો કાન આપો**
**આપો નટખટ ને નખરાળો !**
**ગોપી કેરી મટુકી ફોડે**
**કરતો કાંકરીચાળો !**
**માથે ચોડ્યું મોરપિચ્છ ને**
**હાથમાં વાંસળી ઝાલી !...હું તો કાન લેવા આવી**

**- ઉદય ચંદ્રકાંત**

### પાથેય

## પ્યારો લાગે કાનુડો...

કૃષ્ણ એ કેવળ ભકિતનો જ વિષય હોત તો કવિઓ કે લેખકોને આટલું બધું વિસ્મય ના હોત..પરંતુ કાનજીની વેબસાઈટ એટલી વૈવિધ્યસભર છે કે કવિને ઘડીભર વિસ્મય થાય છે કે એને ક્યા નામે લોગ ઈન કરૂં ! તમે જો ભકત બનીને સ્મરણ કરો તો માધવ એક છત્ર છે જે તમને તમામ સંતાપની સામે રક્ષાકવચ પૂરૂં પાડે છે..એની સાબિતી છે નરસૈયો અને મીરાં જેવાં ભકતશિરોમણી...આપણે જો એને દોસ્ત માનીએ તો એની દિલાવરી આપણને ન્યાલ કરી જાય છે..એનાં ઉદાહરણ છે સુદામા અને અર્જુન જેવા સખાઓ..આપણે એને બાળક માની લાડ લડાવીએ તો એ આપણને વિશ્વરૂપ દર્શન કરાવી શકે છે..તમે જો ગોપીભાવ ધારણ કરો તો એ નટખટ કનૈયો બની ઉલ્લાસમય રાસ ગવડાવી શકે છે..એટલે જ કવિ કહે છે કે કાનો બહુ લાગે પ્યારો કયારેક ઓરો એટલે કે બિલકુલ આપણા દિલની નજીક, તો કયારેક વિરહની અનુભૂતિ કરાવતા દૂર દૂર છતાં જાણે આસપાસ !

આપણે બર્થ ડે પાર્ટી તો ઘણી જોઈએ છીએ..કૃષ્ણ એવું લાડકું નામ છે જેનો જન્મદિવસ એક ઉત્સવ બની જાય છે..એ જન્માષ્ટમી કહેવાય છે.જગતમાં કોઈ જનનાયકનો જન્મોત્સવ આટલી ભવ્ય રીતે નહીં ઉજવાતો હોય..માધવ એ સાચા અર્થમાં લોકનાયક છે..લોકો બાળ કાનુડાની વિવિધ અદાઓ માટે અવનવાં કલ્પનો કરે છે..એના ગાલનાં ખંજન..એની અદાઓ..એની આંખોનાં અંજન..સાચે જ એનું શિશુ સ્વરૂપ અભિભૂત કરે એવું હોય છે.કાન અને ગોપીઓના સંવાદો એમના પ્રસંગો,એમનાં રિસામણાં અને મનામણાં..એકબીજા તરફનો તલસાટ અનેક પદોમાં કાવ્યત્વ પામ્યો છે..માખણ અને મિસરી સંતાડતી ગોપીઓ..ગોવાળિયાઓ સાથે એની ચોરી કરતો કાનુડો..એની તરકીબો અને એનું નટખટપણું છેવટે તો એના વિજયસમું બની રહે છે..કાનુડાની સામે પરાસ્ત થવામાં પણ ગોપીઓના આનંદ આવે છે..એ જશોદાનો જાયો છે પરંતુ સૌની આંખોનો તારો છે..એણે ગોકુળ મથુરા સહિત આખી વ્રજભૂમિને ઘેલી કરી છે. હજારો વરસ વિતવા છતાં એની મોહિની આજે પણ એવી ને એવી છે..

કૃષ્ણ વિશે નરસિંહનાં પદો છે..મીરાંએ ગાયેલાં ગીતો છે..ગુજરાતીમાં હરિન્દ્ર દવે લખેલું "કૃષ્ણ અને માનવસંબંધો " નામે અદ્દ્ભૂત પુસ્તક છે..ઓશો રજનીશે પણ અદ્ભુત વાતો કરી છે..રામ એ મર્યાદા પુરૂષોત્તમ છે તો કૃષ્ણ એ પૂર્ણ પુરુષોત્તમ છે..એ યોગેશ્વર છે..ધર્મરક્ષક છે..તારણહાર છે..આપણા રથનો સારથી છે... સખા છે..પરમ મિત્ર છે..જાણીતા લેખકોની કલમે તો ઘણું લખાયું છે..પણ નવા લેખકો પણ એમના વિશે કેટલું સરસ લખે છે...!

"આપણને ગમતું એક માત્ર પાત્ર જે છે તે શ્રી કૃષ્ણ છે...કેમકે તે ત્યાગશીલ છે ,ક્ષમાશીલ છે,

**અનુસંધાન પાના નં. ૭ પર**

# બાબુનું ચરિત્ર કોઈ પણ સંસ્કારી છોકરીને પસંદ પડે એવું હતું જ નહીં



**સ-રસ**
**મમતા બુચ**

"ન જાઓ સેયાં, છૂડાકે બૈયાં...." લટૂડોપટૂડો થઈને બાબુ બદમાશ હેમલતાની આગળ-પાછળ ગાઈ રહ્યો હતો. "જો બાબુડા, તારી હદમાં રહેજે. નહીં તો જોયા જેવી થશે." હેમલતાએ બાબુને અલ્ટિમેટમ આપી દીધું. "હદમાં જ રહું છું, હેમુ. ત્યારે તો જીવું છું! બાકી તો યે બંદા તુમપે મરતા હૈ!" બાબુ આંખ નચાવતો બોલ્યો. "જા ને હવે....દોઢડહાપણ કર્યા વગર!" હેમલતા બગડી. બાબુ "તેરા પીછા ના મૈં છોડુંગા સોણીયે, ભેજ દે ચાહે જેલમેં..." ગણગણતો ઉપડી ગયો.

આ તો રોજનો ક્રમ હતો. એમાં ન તો કંઈ નવું હતું કે ન તો કંઈ છૂપાવવા જેવું. બાબુ બદમાશ- નામ તો એનું બાબુ ઉર્ફે બહાદુરસિંહ હતું પણ હેમલતાએ એને આ નામ આપી દીધું હતું અને એ નાનકડા ગામમાં એ મશહૂર પણ થઈ ગયું હતું! અને સાચું પૂછો તો બાબુને એનો વાંધો પણ નહોતો! ઉસને હમારા નામ ખરાબ કિયા પર હમારે બારેમેં સોચા તો સહી! એટલી હદે એને હેમલતા ગમતી હતી કે એ બાબુને નામની જગ્યાએ ગાળ આપીને બોલાવતી હોત તો પણ બાબુ એને ભગવાનના આશીર્વાદ સમજી લેત!

સામે પક્ષે હેમલતાને બાબુમાં કોઈ રસ નહોતો. કારણકે બાબુનું ચરિત્ર કોઈ પણ સંસ્કારી છોકરીને પસંદ પડે એવું હતું જ નહીં! એવું નહોતું કે બાબુ ચારિત્ર્યહીન હતો. બાબુની ચાહત ફક્ત હેમલતા માટે જ હતી. પણ પ્રેમ કરવા સિવાય બાબુને ખાસ કંઈ આવડતું નહોતું! એનાં મા-બાપ સીધાં-સાદાં, સાધારણ આવક ધરાવતાં હતાં અને બાબુની ગતિવિધિઓથી અજાણ હતાં! એમને મન દિકરો હજી નાનો હતો અને દુનિયાદારીથી અજાણ હતો! એમ તો બાબુ કોલેજ સુધી પહોંચી ગયો હતો પણ કોલેજનાં અધ્યાપકોની જ્ઞાનવાણી કરતાં બાબુને હેમલતાની ગાળવાણી સાંભળવી વધુ ગમતી હતી!

એક દિવસ તો બાબુએ હદ વટાવી દીધી. હેમલતાને રસ્તા વચ્ચે એણે ધીમેકથી પૂછી નાખ્યું, "હેમુ, વિલ યૂ મેરી મી?" હેમલતાએ એને સણસણતો તમાચો ઝીંકી દીધો. "બદમાશ, તું શું સમજે છે તારા મનમાં? એક વાક્ય ક્યાંકથી પિક્ચર જોઈને શીખી લાવ્યો છે એ બોલીને તું મારા ઉપર રોફ જમાવવા માંગે છે? તારી સાથે તો હું સપનામાં પણ લગન કરવાનું ના વિચારું." આવતાં-જતાં લોકો થંભી ગયાં. બાબુ માણસ મટીને લાકડું બની ગયો. હેમલતાનો તમાચો એના ગાલ ઉપર નહીં, આત્મસન્માન ઉપર પડ્યો હતો.

એ દિવસ પછી બાબુ ગામમાં બહાર દેખાતો બંધ થઈ ગયો. કોઈને પણ મળવાનું એણે બંધ કરી દીધું. લોકોમાં વાતો થતી હતી કે હૃદયભંગ થયેલા બાબુએ હવે શરાબનો સહારો લીધો હતો. હેમલતાની ના અને તે ય આવા વજ્રાઘાત સાથે- બાબુ હવે બાબુ મટીને દેવદાસ થઈ ગયો હતો. એક છોકરી એક યુવાનની જિંદગી ઘડીના છઠ્ઠા ભાગમાં બદલી શકે છે!

એક વાર તો બાબુના ભાઈબંધ કાનજી ઉર્ફે કમલેશે હેમલતાને વિનંતી પણ કરી જોઈ હતી કે એ એક વાર બાબુને મળી લે. કદાચ એ એ રસ્તા પરથી પાછો વળી જાય. પણ હેમલતાનો સ્પષ્ટ જવાબ હતો કે બાબુ કોઈ નાનકડો બાબલો નથી! એને સમજણ હોવી જોઈએ કે એના માટે શું સારું છે અને શું ખરાબ! કાનજીએ આજીજી પણ કરી જોઈ કે આમ ને આમ તો એ એક દિવસ એનો જીવ દઈ બેસશે પણ હેમલતા મક્કમ હતી. એણે રોકડું પરખાવી દીધું કે જીવ આપવો જ હોય તો ઘણી જગ્યાઓ અને ઘણા મોકાઓ છે. શું કામ એની પાછળ આપી દેવો જેને એના માટે કોઈ જ માન નથી?

થઈ રહ્યું. કાનજીએ આ આખી ય વાત બાબુને કરી તે પછી તો બાબુ સમૂળગો દેખાતો બંધ થઈ ગયો. શરાબ તો એનાથી જોજનો દૂર ધકેલાઈ ગઈ હતી. ક્યારેક એ ગામથી દૂર ટેકરી ઉપર કસરત કરતો નજરે પડી જતો હતો તો ક્યારેક એના ઘરની ખુલ્લી બારીમાંથી એ કોઈકને પુસ્તક વાંચતો દેખાઈ જતો હતો. એ સિવાય એ ન તો કોઈની સાથે વાત કરતો હતો કે ન તો હેમલતાની બાબતમાં કંઈ જાણવાનો પ્રયત્ન કરતો હતો. ધીમે-ધીમે લોકો પણ એને ભૂલતાં ગયાં. બાબુની મા એને ઘરમાં બે ટંક ખાવાનું પીરસી દેતી હતી. બાકી ઝાઝી વાત તો એ મા સાથે ય નહોતો કરતો. બાબુનો અવાજ એનાં ઘરનાં પણ ભૂલી ગયાં હતાં.

અચાનક સૌને એક દિવસ બાબુનો આકાશને આંબતો અવાજ સંભળાયો. એ હર્ષની ચિચિયારીઓ પાડતો ગામમાં દોડ્યો અને કાનજીને ખુશખબરી સંભળાવી રહ્યો હતો, "કાના, હું આર્મીની પરીક્ષામાં પાસ થઈ ગયો! હવે સરહદ પર જઈને દુશ્મનો સાથે લડીશ!" કાનજી હસી પડ્યો, "બાબુ, એમ સરહદ પર ન જવાય! હજી તો તને એ લોકો ટ્રેનીંગ આલશે!" બાબુના ચહેરા ઉપર ખુમારીનું તેજ હતું, "કાનજી, બાબુ નહીં, મેજર બહાદુરસિંહ અર્જુનસિંહ ચૌહાણ બોલ! એક દિવસ હું આર્મીના યુનિફોર્મમાં ગામમાં આઈશ ને ત્યારે તને જ નહીં, આખા ગામને મારા પર ગરવ થશે, જોજે!" કાનજી આ ભોળા ભાઈબંધ પર હસી પડ્યો.

તે પછી તો બહાદુરસિંહની ટ્રેનીંગ પૂરી પણ થઈ અને યુનિફોર્મમાં "મારો દિકરો રાજકુમાર જેવો લાગે છે" કહીને માએ ઓવારણાં પણ લીધાં. નાનકડા ગામમાં બહાદુરસિંહની બહાદુરીની વાતો જેટની ગતિએ ફેલાઈ ગઈ. બધાં એને મળવા ને જોવા આવવા લાગ્યાં. એમાં એક હેમલતા પણ હતી. એ બહાદુરસિંહનું ઘર વસાવવાની આશાએ આવી હતી. પણ બહાદુરસિંહે કોણ જાણે કેમ પણ એને મળવાની ના પાડી દીધી.

બહાદુરસિંહે ફોજમાં પણ સારું એવું નામ કાઢ્યું. ઓફિસર્સ એના કામથી ખુશ હતા અને સાથે કામ કરતા મિત્રો એના સ્વભાવથી. એને ઝડપથી પ્રમોશન મળવા લાગ્યું. આખરે એને એક દિવસ "મેજર બહાદુરસિંહ ચૌહાણ"ના નામથી સંબોધવામાં આવ્યો ત્યારે એને સ્વર્ગ હાથવેંતમાં દેખાયું.

મેજર બહાદુરસિંહ ચૌહાણનું પોસ્ટિંગ સરહદ પરના સંવેદનશીલ વિસ્તારમાં કરવામાં આવ્યું ત્યારે એની છાતી ગજગજ ફૂલી હતી. અચાનક એક દિવસ સરહદ ઉપર દુશ્મનોની ગતિવિધિ વધી ગઈ અને બહાદુરસિંહે એ પરિસ્થિતિનો બહાદુરીપૂર્વક સામનો કર્યો. દુશ્મનોના નાપાક મનસૂબા ઉપર એણે પાણી ફેરવી દીધું પણ એ લડાઈમાં મેજર બહાદુરસિંહ ચૌહાણના શરીર ઉપર જીવલેણ ઘા કરવામાં આવ્યા. એ હવે બચી શકે એમ નહોતા. એમની અંતિમ ઈચ્છા એમના ગામમાં જવાની હતી. એમને ગંભીર હાલતમાં ગામમાં લાવવામાં આવ્યા.

બહાદુરસિંહને વળગીને ધ્રૂસકે-ધ્રૂસકે રડતા કાનજીને ખભે બહાદુરસિંહનો લોહીથી ખરડાયેલો હાથ પડ્યો. "આમાં રડવાનું ન હોય, કાના. આર્મીમાં જવાનું વિચાર્યું ત્યારથી જ હું જાણતો હતો કે દિવસ આવું બનવાનું જ છે. એટલે જ હેમલતાને પણ મળવાની મેં ના પાડી દીધેલી. એની જિંદગી શું કામ બગાડું?" એના કપાઈ ગયેલા હોઠ ઉપર સ્મિત આવ્યું, "અને હા, હેમલતાને કહેજે કે એની વાત સાચી હતી. જીવ આપવો જ હોય તો ઘણા મોકા અને ઘણી જગ્યાઓ છે. કાના, મેં તને કહ્યું હતું ને એક દિવસ હું આર્મીના યુનિફોર્મમાં ગામમાં આવીશ ને ત્યારે તને જ નહીં, આખા ગામને મારા પર ગર્વ થશે! ને વિચાર, આ યુનિફોર્મ ઉપર તિરંગો ઓઢાડવામાં આવશે ત્યારે તો ગામ આખું હિલોળે ચઢશે ને!" ખરેખર, એક છોકરી એક યુવાનની જિંદગી ઘડીના છઠ્ઠા ભાગમાં બદલી શકે છે!

mtabuch150@gmail.com

# પત્ની પીડિત પુરુષો માટે કાગડો આદર્શ પક્ષી છે!



**નખરાળી જિંદગી**
**નિયતી કાપડીયા**

મુંબઈમાં એક આશ્રમ આવેલો છે. એના કાર્યાલયમાં તો હું નથી ગઈ પણ બહારથી એનું પાટિયું જોઈને જ મને કંઈક ના સમજાય એવી લાગણી થઈ આવેલી. મને ના હસવું આવેલું કે રડવું પણ એ બંને સંવેદનાની વચોવચ હું કયાંક અટવાઈ જરૂર ગયેલી.

એ આશ્રમના પાટિયા પર એક કાગડાનો ફોટો હતો જેની બાજુમાં મોટા અક્ષરે લખ્યું હતું, પત્ની પીડિત પુરુષ આશ્રમ. પછી એની નીચે નાના અક્ષરે લખેલું, પુરુષોના ન્યાય અને હક માટે લડતી એકમાત્ર સંસ્થા. ટુંકમાં એ પત્ની પીડિત પતિઓ માટેનો આશ્રમ હતો જ્યાં કેટલાક સમદુઃખીયા ભેગા મળીને એકબીજાના હક અને ન્યાય માટે લડત આપી રહ્યા હતા.

એ લોકોની ભાવના તો સમજાઈ પણ મને એ જાણવાની તાલાવેલી લાગેલી કે એમણે એમના પાટિયામાં કાગડાને કેમ સ્થાન આપ્યું છે? ના મોર, ના પોપટ, સવારે બધાને જગાડતા કૂકડા કે હંસ જેવા સુંદર પક્ષી છોડી કાગડા સાથે સરખામણી શા માટે? ભલા કાગડામાં એવી તો શી વિશિષ્ટતા છે?

થોડીક ખણખોતર કરતા મને ખબર પડી કે એ આશ્રમના કાર્યાલયમાં એક થર્મોકોલમાંથી બનાવેલ કાગડો મૂકેલો છે અને રોજ સવાર સાંજ એની આગળ અગરબત્તી ફેરવી પૂજા કરાય છે. આશ્રમવાસીઓની માન્યતા મુજબ કાગડો એમની પરિસ્થિતિનું બખૂબી નિરૂપણ કરે છે. માદા કાગડી તો ઈંડા મૂકીને ઊડી જાય છે એ પછી નર કાગડો જ એ ઈંડાનું ધ્યાન રાખે છે. એમાંથી બચ્ચા આવતા એને માટે ખાવાનું લઈ આવે છે. એમને મોટા કરે છે. આજે ઘણી જગ્યાએ એવું જોવા મળે છે કે સ્ત્રી નોકરી કરતી હોય અને ઘરમાં વધારે સમય આપી શકે એમ ના હોય ત્યારે બાળકોને સાચવવાની જવાબદારી ઘરનો પુરુષવર્ગ ઉઠાવી લેતો હોય. એ લોકો સાફસફાઈથી લઈને રસોઈ સુધી બધું કરી લેતા હોય છે. એમની પોતાની નોકરી કે ધંધો હોય તો એને પણ સંભાળતા હોય સાથે ઘર પરિવાર પણ જોતાં હોય છે. આવા પુરુષોને જ એ પત્ની પીડિત પુરુષ ક્લબ વાળા કાગડા સાથે સરખાવે છે.

કાગડાના માળામાં કોયલ આવીને એમાંના ઈંડા નીચે સરકાવી દઈ પોતાના ઈંડા મૂકી દેતી હોય છે એ વાત હું જાણતી હતી. અહીંયા એનાથીય એક સ્ટેપ આગળની વાત જાણવા મળી. કાગડા માટે મારા મનમાં માન વધી ગયું અને એ પુરુષો માટે પણ જે એમની સરખામણી કાગડા સાથે કરે છે.

સામાન્ય રીતે આપણે સૌને એમ લાગતું હોય છે કે પુરુષો એટલે જબરા જ હોય અને સ્ત્રી એટલે માયા અને મમતાનું બીજું રૂપ જ હોય. મોટે ભાગે આવું થતું હોય છે પણ દરેક વખતે આ જ સ્ટોરી સાચી નથી હોતી. આજનો પુરુષ થોડો થોડો કરતાં ઘણો બધો બદલાયો છે. એ ઘરકામ કરતો થયો છે, પત્નીને સહાય કરતો થયો છે, એની મરજી નામરજી સમજતો થયો છે, પોતાના બાળકોના ભવિષ્ય ખાતર બધું જ સહન કરી લેતો થયો છે. આ બધું સારું છે અને એવું થવું જોઈએ. અહીંયા મુશ્કેલી ત્યારે જ ઊભી થાય છે જ્યારે લોકોને, ખાસ કરીને એની પત્નીને પોતાના પતિનું આવું વલણ જોઈ એમ લાગે કે એના પતિમાં જરાય દમ નથી!

એક ઘરમાં પતિ ઓનલાઈન સાડી અને ડ્રેસ મટીરીયલ વેચતો હતો અને એને માટે એને ઘરની બહાર જવાની જરૂર અમુક સમય પૂરતી જ પડતી. એની પત્નીને પણ કામ કરવાની ઈચ્છા હતી. પોતાનું એક બ્યુટી પાર્લર ખોલવાનું એનું સપનું હતું. પતિએ પત્નીની ઈચ્છાને માન આપી એને માટે એક મોકાની જગ્યાએ બ્યુટી પાર્લર ખોલી આપ્યું. હવે થયું એવું કે બહેનનો ધંધો શરૂઆતમાં જોઈએ એવો જામ્યો નહિ. એ દુઃખી થવા લાગી. એને રાજી રાખવા પતિએ કહ્યું કે વાંધો નહિ તું તારે પાર્લરમાં થોડો વધારે સમય આપ. જે પણ બહેનો ત્યાં આવે એમને મસ્ત સેવા આપ ધીમે ધીમે પાર્લર જામી જશે. એ સમયમાં જ પતિ ઘરનું કામકાજ કરતા શીખી ગયેલો, બાળકોને સ્કૂલે લેવા મૂકવાનું કરવા લાગેલો, ક્યારેક રસોઈ પણ બનાવી લેતો...

બે વરસ બાદ પત્નીનું પાર્લર ચાલી ગયું ને એ આખો દિવસ પછી એમાં જ વ્યસ્ત રહેવા લાગી. પુરુષનો ધંધો પણ આગળ વધી રહ્યો હતો. એણે પત્નીને કહ્યું કે હવે તું પાર્લર માટે થોડો સ્ટાફ વધાર અને ઘરકામમાં, બાળકોના ઉછેરમાં થોડુક ધ્યાન આપ. પતિની વાત સાંભળી પત્ની ભડકી ઉઠી. એનું કહેવું હતું કે પોતે હવે સરસ રીતે પાર્લર ચલાવે છે, ઘરમાં રૂપિયા રળીને લાવે છે એ એના પતિથી જોવાતું નથી.

થોડોક વખત પછી પત્નીએ કોર્ટમાં છુટ્ટાછેડા માટે અરજી કરી હતી. એણે એના પતિ પર આરોપ મૂક્યો કે એ શંકાશીલ સ્વભાવનો છે, બાળકોને મારઝૂડ કરે છે, પત્ની પર વહેમાય છે, પત્નીની કમાણી વધે એ જોઈ એને ઈર્ષા થાય છે. એ સ્ત્રીએ છૂટ્ટાછેડાં સાથે પોતાના બંને બાળકો, ઘર, એનું પાર્લર અને ઘરેણાં માંગેલા. પતિનું કહેવું હતું કે એ બાળકો વગર નહિ રહી શકે બાકીનું બધુંય મંજૂર છે!

એક જગ્યાએ પતિ નોકરીએ જાય ત્યારે એની પત્ની સાસુને ત્રાસ આપતી. જ્યારે એ નવી નવી પરણીને આવેલી ત્યારે સાસુએ કોઈ વાતે એને મહેણું મારેલું કે તને નાચતા નથી આવડતું. વહુએ એ વાત બરાબર યાદ રાખી હતી અને હવે બપોરે જ્યારે ઘરમાં એ અને એનાં સાસુ જ હોય ત્યારે સાસુ કલાક નાચીને દેખાડે પછી જ એ એમને જમવાનું આપતી! નવાઈ લાગે એવી વાત છે ને પણ આવું ખરેખર બન્યું હતું. સાસુમા બિચારા એટલા ડઘાઈ ગયેલા કે કોઈની આગળ એ વિશે એક હરફ ઉચ્ચારવા તૈયાર નહોતા. વહુ તો છેક છેલ્લી પાટલીએ બેસી ગયેલી, ધરાર કહેતી કે ખાવું હોય તો નાચીને દેખાડો સાસુમા! એક પાડોશીની નજરે આ વાત આવેલી અને એણે છુપાઈને ડોશીનો કમર મટકાવી ડાન્સ કરતો વીડિયો લઈ એના દીકરાને દેખાડ્યો ત્યારે જઈને ડોશીમાને છુટકારો થયેલો. જરાક વિચાર કરો જે પતિ એના માબાપ, ઘરબાર વગેરે બધું જ પત્નીને ભરોસે મૂકી કમાણી કરવા ઘરની બહાર જતો હોય એને એની પત્ની દગો આપે ત્યારે એ બિચારાની શું હાલત થતી હશે?

હજી કહું છું કે બધી સ્ત્રીઓ ખરાબ નથી જ હોતી, પણ આપણા સમાજમાં કુટુંબ વ્યવસ્થા ટકી રહી છે એની પાછળ સમજદાર સ્ત્રી અને પુરુષ બંનેનો હાથ છે એ વાતનો ઈનકાર થઈ શકે એમ નથી. મને લાગે છે કે મોબાઈલનો સામાન્ય લોકોમાં વપરાશ વધ્યો ત્યારથી ઘરમાં કલેહ કંકાશ વધી ગયા છે. બપોરે નવરી પડી ટીવી સીરિયલ જોતી કે છાપાની પૂર્તિ ઊથલાવતી સ્ત્રીઓ હવે સતત એમની મમ્મી સાથે ફોન પર વ્યસ્ત હોય છે. આ મમ્મીઓને દીકરીના સાસરામાં શું ચાલી રહ્યું છે એના વિશેની રજેરજની માહિતી હોય. દરેક વાતે એ દીકરીને સલાહ આપતી હોય કે બેટા તું તારે આમ જ કરજે અને એ સલાહ સૂચનને લીધે જ એમની દીકરી સાસરામાં કોઈ સાથે ભળી નથી શકતી. એને દરેક વાતે એની મમ્મીને પૂછવાની જરૂર પડતી હોય અને જ્યાં એની મમ્મીની સલાહ સાસરીના બાકીના લોકોની સલાહથી જુદી પડે ત્યાં બખેડો ઉભો થાય. આવા કેસમાં પણ છેલ્લે મરો તો બિચારા પતિદેવનો જ થતો હોય છે.

દરેક સંસારી પુરુષની આ કોમન સમસ્યા છે, એ જો પત્નીનો પક્ષ લે તો એને જોરૂ કા ગુલામ કહેવાય અને એ જો માબાપનો પક્ષ લે તો માવડિયો થઈ જાય. માબાપ સાથેની સમસ્યા તો તોય હલ થઈ શકે છે પણ પત્ની સમસ્યારૂપ બને ત્યારે પતિઓના હાલ બેહાલ થઈ જાય છે. આવા પુરુષો માટે જ છેલ્લે પત્ની પીડિત પુરુષ નામે આશ્રમ ખોલવાની જરૂર પડી હશે.

ખેર, મેં આ આશ્રમની જાહેરાત અમારા એક ફેમિલી ફ્રેન્ડ્સ ગ્રુપમાં કરેલી. મારી એ મજાક ના જવાબ રૂપે અમારા અતિ હોશિયાર મિત્ર ડૉ.પરાગ શાહે ઈન્સ્ટન્ટ એક રચના લખી મોકલેલી એને જ આજના અમસ્તુંમાં મૂકી છે.

**અમસ્તું,**

**એ 'મૃગજળ ભીના રણનું સરનામું ના આપશો,**
**એ મિથ્યાને આશાનો અરીસો ના આપશો,**
**કંઇક કેટલાયે સપનાઓ તૂટતાં જોયા છે,**
**અમારી વેદનાને સંવેદનાનો દિલાસો ના આપશો.**

**@Niyati Kapadia**

# એ જરૂરી નથી કે પુનર્જન્મ માટે શરીરનો ત્યાગ કરવો...કેટલીકવાર વિચારોમાં પરિવર્તનથી પણ પુનર્જન્મ થઈ જાય છે



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

**સમર્પો ! કિન્તુ ના જરીય બદલામાં કંઈ ચહો ,**
**અરે ! બિન્દુ ઈચ્છો ? તજી દઈ તમે સાગર મહા !**
**સહુ ભૂતો કેરો સુહ્રદ બસ એ પ્રેમ સમજો ,**
**અને બ્રહ્મે, કીટે સકળ સહુ આધાર ગણજો.**
**સહુનો એ પ્રેમી, પરમ તમ, પ્રેમાસ્પદ બનો,**
**બધું વાળી નાખો, તન મન પ્રભુના ચરણમાં,**
**બહુ રૂપોમાં એ ઇશ અચલ ઉભા તમ કને ,**
**બીજે શોધો શાને ? જીવ-પૂજનમાં છે શિવ પૂજા.**

**- સ્વામી વિવેકાનંદ**

●●●

આજનો માનવ અર્થોપાર્જન , કારકિર્દી ઘડતર અને જીવન વ્યવહારના કાર્યોમાં ગળાડૂબ છે. એ રોજિંદી સમસ્યાઓમાં એટલો બધો ગૂંચવાયેલો ને ધૂંધવાયેલો છે કે પ્રભુ સ્મરણ કે આત્મચિંતનમાં એનું ચિત્ત ચોટતું જ નથી.બીજું એ કે પશ્ચિમી સંસ્કૃતિના રવાડે ચડી સંશયવાદી બન્યો છે પછી ઈશ્વરમાં સાચી શ્રદ્ધા ક્યાંથી હોય ? શ્રદ્ધા વિના ભક્તિ - સાધના શક્ય નથી ત્યારે સ્વામી વિવેકાનંદજી એ આધુનિક જનસમાજને સેવાધર્મનો માર્ગ સુચવ્યો..જનસેવા એ જ પ્રભુસેવા ..અર્થાત જીવ પૂજનમાં જ શિવપૂજા સમાયેલી છે. આખરે તો શિવમાંથી છૂટો પડેલો જીવ પાછો શિવમાં જ ભળવાનો છે ને...!! બસ , આટલું જ જ્ઞાન ગાંઠે બાંધી પરોપકારી બની પરમને પામીએ.

અહીં કોરોના વોરિયર્સની કહાની યાદ આવે છે, શહેરમાં આઠ બાય આઠની નાનકડી ઓરડીમાં રહેતો પરિવાર. માબાપ પેટે પાટા બાંધી - કારખાનામાં મજૂરી કરી દીકરાને ઑફિસર બનાવે છે...દુઃખના દહાડા પુરા થયા... મા હંમેશ પહેલાં બધાને જમાડે પછી જમે..મા દીકરાને શીખ આપતી, " બેટા, કામ પહેલાં , પછી બીજું બધું...કામ છે તો આપણે છીએ.." મા બીમાર પડી હૉસ્પિટલમાં દાખલ કરી દીકરો દવાખાને આવે ત્યારે મા, એને કહેતી , "અહીં ઘરનાં બધાં છે, તું મારી ચિંતા કર્યા વિના ઓફિસે જઈને ફરજ નિભાવ." આ ઘડતરે એને શ્રેષ્ઠ કોરોના વોરિયર્સ સાબિત કર્યો.મા એ મૃત્યું પહેલાં દીકરાને કહેલું , " બેટા, હું મૃત્યુ પામું તો પણ મારા મૃત્યુનો શોક ન પાળતા , ફરજ નિભાવજે અને લોકોની સેવા કરજે..પછી ઘરનું વિચારજે."

મા ના આ શબ્દો દીકરાના હૈયે જડાઈ ગયા હતા એટલે જ મા ના અગ્નિ સંસ્કાર ને તર્પણ વિધિ પુરી કરી પોતાની ફરજ પૂર્ણ નિષ્ઠાથી નિભાવી મા ને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી પોતાનો સંતાન ધર્મ નિભાવે છે. દોસ્તો, આમ તો મારી દ્રષ્ટિએ દરેક વ્યક્તિ માટે જે બધી જવાબદારીઓ છે એ બધી કર્તવ્ય રૂપે છે.ઘર , પરિવાર , કુટુંબ ...સમાજ...આમ વ્યક્તિથી વિશ્વ સુધી જવાબદારીઓ - કર્તવ્ય વિસ્તરે છે. આ વ્યવસ્થા કે ભાવના જ એકબીજાને જોડે છે.એકબીજાને હૂંફ - સથવારો મળી રહે છે. રોટલા કે ઓટલાની જવાબદારી પાર પાડી શકીશું...પણ માનવ જીવનની શ્રેયસ્કર એવી આત્મોત્થાનની જવાબદારી કોણ લેશે ?!! સદગુણી જને પોતાનું આત્મોત્થાન કરી અન્યને એનો ચેપ લગાડવો જોઈએ ...સમાજોત્થાન - સમાજોદ્ધાર ની જવાબદારી કોની ..? કોનું કર્તવ્ય..?!! આ કદી વિચાર્યું છે ખરું...?!!

૧૯૦૪ માં જ્હોન રસ્કિનનું "અન ટુ ધી લાસ્ટ" વાંચ્યું ને સર્વોદયનો વિચાર દૃઢ થયો.ગાંધીની સર્વોદય વિચારધારાને વિનોબા ભાવે એ ભુદાન, જ્ઞાનદાન, જીવનદાન, બુદ્ધિદાન,શ્રમદાન થકી આગળ ધપાવી સર્વોદય વિચારને વ્યાપક કર્યો. વિનોબાજીએ તો 'સર્વોદય' નો સાવ સરળ , સહજ આગવો અર્થ બતાવ્યો ..." દરેક જણ બીજાની ફિકર કરે ને સાથે પોતાની ફિકર એવી ન રાખે કે જેનાથી બીજાને તકલીફ થાય. " વિનોબા તો એથી આગળ વધીને કહેતા , " વાણીનો ઉપયોગ એકતા સ્થાપવા ,એકબીજાના દિલ જોડવામાં કરાય. હાથનો ઉપયોગ પરિશ્રમમાં, પાડોશીને મદદ કરવામાં, ગામની ભલાઈમાં કરાય. કાનનો ઉપયોગ જનકલ્યાણની વાતો સાંભળવામાં, ગામના કલ્યાણની ચર્ચા કરવામાં કરાય, ગામમાં સ્વચ્છતા , જ્ઞાનનો પ્રચાર કરવો, ગામના ઝગડા ગામમાં જ નિપટવા ...આમ સમાજને પોતાનું બધું સમર્પણ કરવું એ જ ભુદાન યજ્ઞ." આવા ભુદાન યજ્ઞો આપણે આરંભીએ તો કેવું...?!! માનવ જીવન અન્યના કલ્યાણ અર્થે જ મળ્યું છે..પરંતુ બીજાનું કલ્યાણ તો બાજુ પર રહ્યું ..પોતીકા કલ્યાણમાં જ સૌ રત છે... ત્યારે આપણે એ વિચારવું ઘટે કે આપણે નિજી સ્વાર્થ છોડી કોઈના માટે કદી ઘસાયા છીએ ખરા...?!!કોઈનાય કામમાં કદી આવ્યા છીએ ખરા...?!!-ટૂંકમાં જાતને સ્વગત પૂછીએ.... આપણે સ્વંધર્મ થી માનવધર્મ સુધી વિસ્તરી શક્યા ખરા ?!! આવું સહજ આત્મચિંતન કરતાં કરતાં મોંઘા મનાખવતારને મૂલ્યવાન કરીએ...!!

છેલ્લે , ઉપર ભગવાન ૧૦૦ માર્કસ ના બે પ્રશ્નો પૂછશે. જેનો " હા " કે " ના " માં જવાબ આપવાનો રહેશે.

(૧) પૃથ્વી પર તને સુખ મળ્યું ? (૦૧ ગુણ) (૨) તારા લીધે પૃથ્વી પર કોઈને સુખ મળ્યું ? (૯૯ ગુણ) આ સંદેશ નજર સમક્ષ રાખી ઉઘાડી આંખે જીવતા શીખીએ તોય ઘણું...!!!

**સ્પર્શમણિ :**

તમારું સ્મિત તમારો લોગો Logo છે... તમારું વ્યક્તિત્વ તમારું બિઝનેસ કાર્ડ - Business Card છે...અને સાહેબ , તમે જે રીતે બધાની સાથે વર્તો છો ને એ તમારો ટ્રેડમાર્ક Trade Mark છે.

●●●

એ જરૂરી નથી કે પુનર્જન્મ માટે શરીરનો ત્યાગ કરવો...કેટલીકવાર વિચારોમાં પરિવર્તનથી પણ પુનર્જન્મ થઈ જાય છે.

●●●

- rasikvaland1965@gmail.com
99134 26949